ગમતી નિશાળ, અર્પણ પાર્ક, એંગોલા રોડ.
પાલનપુર. ગુજરાત. ૩૮૫૦૦૧.

પ્રતિ શ્રી,
સંસ્થાપક શ્રી.
ગુજીપીડિયા,ગુજરાત.

નમસ્તે.
જય ગુજરાતી... જય ગુજરાત.

ગમતી નિશાળ પાઠ્યપુસ્તક અને ગણવેશ વગર સંચાલિત પૂર્વ પ્રાથમિક શાળા છે. સમગ્ર રાજ્યમાં ચાર અને ગુજરાત બહાર ત્રણ ગમતી નિશાળ કાર્યરત છે.

બાળકોને કેળવવા અને તેમનામાં આત્મવિશ્વાસ ભરવા માટે ગુજીપીડિયા ધ્વારા જે સહયોગ અને માર્ગદર્શન મળે છે એ અમારા મનથી ગંગોત્રી સમાન છે.

પાઠ્યપુસ્તક વગર.
કૌશલ્ય કેળવવા અને મૂલ્યોના ઘડતર માટે આપના તરફથી અમોને મળેલ સહયોગ અમારા બાળકોની કેળવણીમાં જોઈ શકાય છે. આ રીતે આપ વધુમાં વધુ બાળકો,વાલીઓ,સંસ્થાઓ અને કેળવણી સાથે જોડાયેલ તમામ સંવર્ગ સુધી આપ પહોંચો અને એના માધ્યમથી આવનાર સમયમાં ભારતનું ભવિષ્ય નક્કી થાય. આ ભવિષ્ય ઉજ્જવળ અને સર્વાંગીણ હોય તેવા વિશ્વાસ સાથે આપને આ તબક્કે શુભકામનાઓ પાઠવું છું.

ભવદીય

ડૉ.જીગર જોષી
ચેરમેન,
ગમતી નિશાળ જૂથ.
પાલનપુર.